Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રી: સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ WESTERN TIMES (AHMEDABAD) ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

મંગળવાર, તા.૨ એપ્રિલ, ૨૦૨૪

2/4/2024 * VOL : 44 * N0. 198 સંવત- ૨૦૮૦, ફાગણ વદ-૮

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

આજનો સુવિચાર
જ્યારે બીજાને સમજાવવાનું અઘરું થાય ત્યારે પોતાને સમજાવી દેવાનું વધુ યોગ્ય છે

## અરવિંદ કેજરીવાલ તિહાડ જેલમાં કેદ

# કેજરીવાલે પોતાના જ બે મંત્રીના નામ ઈડીને જણાવ્યા

**નવી દિલ્હી,**
દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે ફરી દિલ્હી લિકર પોલિસી કેસની સુનાવણી હાથ ધરાઈ હતી, જેમાં ઈડી તરફથી એએસજી રાજુએ તો મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તરફથી રમેશ ગુપ્તાએ દલીલ રજુ કરી હતી. કેજરીવાલની હાજરીમાં ઈડીએ કોર્ટમાં કહ્યું કે, તેઓ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કેજરીવાલે પૂછપરછમાં આમ આદમી પાર્ટીના બે નેતાઓના નામ આપ્યા હોવાનો ઈડીએ કોર્ટમાં દાવો કર્યો છે. કેસની સુનાવણી અંતે કોર્ટે કેજરીવાલને ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી હેઠળ તિહાર જેલ મોકલી દીધા છે. આ કેસમાં કેજરીવાલ છેલ્લા ૧૦ દિવસથી જેલમાં છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ૧૫ દિવસ માટે જ્યૂડિશિયલ કસ્ટડીમાં મોકલી દેવાયા છે. તેમને તિહાડ જેલમાં રાખવામાં આવશે. કેન્દ્રીય એજન્સીએ સીએમની ૧૫ દિવસની જ્યુડિશિયલ કસ્ટડી માંગી હતી જેના પર રાઉજ એવન્યુ કોર્ટે મહોર લગાવી દીધી. કોર્ટમાં પેશી માટે લઈ જવામાં આવતા હતા તે વખતે કેજરીવાલે કહ્યું કે પીએમ જે પણ કરી રહ્યા છે તે ઠીક નથી કરી રહ્યા. આ ઉપરાંત ઈડીએ એક ચોંકાવનારો દાવો એમ પણ કર્યો છે કે કેજરીવાલે બે નેતાઓના નામ આપ્યા છે. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું કે કેજરીવાલ તપાસમાં મદદ કરતા નથી. તેઓ ગોળગોળ જવાબ આપે છે અને તપાસ આગળ ન વધે એટલે તેમના આઈફોનના પાસવર્ડ પણ આપતા નથી. મીડિયા રિપોર્ટ્સ મુજબ હાલમાં તિહાડ જેલમાં



હાઈલેવલ બેઠક થઈ હતી. કહેવાયું હતું કે આ મામલે આજે પણ એક હાઈ લેવલની બેઠક થઈ છે. ગત બેઠકોમાં ચર્ચા થઈ હતી કે જો કેજરીવાલને જ્યુડિશિયલ કસ્ટડીમાં તિહાડ જેલમાં રાખવામાં આવે તો તેમને કયા નંબરની જેલમાં રાખવા. આ સાથે જ તેમની સુરક્ષાને લઈને પણ ચર્ચા થઈ.

ઈડીએ કોર્ટમાં જણાવ્યું કે પૂછપરછમાં કેજરીવાલ ગુમરાહ કરવાની કોશિશ કરે છે. જે સમયે ઈડીના વકીલ દલીલ કરી રહ્યા હતા ત્યારે અરવિંદ કેજરીવાલ કોર્ટમાં હાજર હતા. જ્યારે ઈડીએ કોર્ટને જણાવ્યું કે કેજરીવાલે પૂછપરછમાં

### કેજરીવાલની હાજરીમાં ઈડીએ કોર્ટમાં કહ્યું કે, તેઓ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે

જણાવ્યું છે કે વિજય નાયર આતિશી અને સૌરભ ભારદ્વાજને રિપોર્ટ કરતા હતા. તો તે વખતે કેજરીવાલ ચૂપ્પી સાધીને બેઠા હતા. આવું પહેલીવાર બન્યું છે કે જ્યારે તેમણે કોર્ટમાં બે મંત્રીઓના નામ લીધા. કેજરીવાલે ઈડીને પૂછપરછ દરમિયાન કહ્યું કે વિજય નાયર તેમને નહીં પરંતુ આતિશી અને સૌરભ ભારદ્વાજને રિપોર્ટ કરતા હતા. નોંધવા જેવી વાત એ છે કે જ્યારે ઈડી કોર્ટમાં આ જણાવી રહી હતી ત્યારે કેજરીવાલે તે વાતને ફગાવી પણ નહીં અને મૌન જાળવી રાખ્યું.

મીડિયા રિપોર્ટ મુજબ જે સમયે સૌરભ ભારદ્વાજનું નામ લેવાયું ત્યારે તેઓ કોર્ટ રૂમમાં હાજર હતા. પોતાનું નામ સાંભળીને તેઓ ચોંકી ગયા હતા અને તમણે ત્યાં ઊભેલા સુનિતા કેજરીવાલ તરફ જોયું અને સુનિતા કેજરીવાલે પણ સૌરભ ભારદ્વાજ તરફ જોયું હતું. અત્રે જણાવવાનું કે આતિશી ગોવા વિધાનસભા ચૂંટણી વખતે ગોવા પ્રભારી હતા. અરવિંદ કેજરીવાલ એ સવાલનો જવાબ આપવાથી બચી રહ્યા કે આખરે નાયરે કેમ સીએમ કેમ્પ કાર્યાલયમાં કામ કરનારા લોકો વિશે જાણકારી નહીં હોવાનો દાવો કર્યો હતો, તેણે સીએમના કેમ્પ કાર્યાલયથી કામ કર્યું હતું. થોડા દિવસ પહેલા આમ આદમી પાર્ટીના નેતા સંજય સિંહને ૨ નંબરની જેલમાંથી ૫ નંબરની જેલમાં શિફ્ટ કરાયા. મનિષ સિસોદીયાને જેલ નંબર ૧માં રખાયા છે. જ્યારે સત્યેન્દ્ર જૈન જેલ નંબર ૭માં છે. આ જેલમાં ઈડી અને સીબીઆઈ સંબંધિત કેદીઓ રાખવામાં આવે છે.

# છેલ્લા ૧૦ વર્ષમાં જે પણ થયું તે માત્ર ટ્રેલર છે, હજુ ઘણું કરવાનું બાકી છેઃ મોદી

**નવી દિલ્હી,**
ભારતીય રિઝર્વ બેંક આજે તેનો ૯૦મો સ્થાપના દિવસ ઉજવી રહી છે. આ અવસર પર મુંબઈના નરીમાન પોઈન્ટ સ્થિત નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સ ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં ઘણી મોટી વાતો કહી છે.

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ના આજે (સોમવાર) ૯૦ વર્ષ પૂર્ણ થયા છે. આ પ્રસંગે મુંબઈમાં આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ હાજરી આપી હતી. આ અવસરે બોલતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આરબીઆઈએ છેલ્લા દસ વર્ષમાં ભારતની બેંકિંગ સિસ્ટમ અને અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. બેંકિંગ સિસ્ટમ અને અર્થતંત્રને સુધારવા માટે છેલ્લા ૧૦ વર્ષમાં જે પણ કામ થયું છે તે માત્ર ટ્રેલર છે. હજુ ઘણું કરવાનું બાકી છે, આપણે હજુ દેશને આગળ લઈ જવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક ઐતિહાસિક સીમાચિહ્ન પર પહોંચી ગઈ છે. આરબીઆઈએ ૯૦ વર્ષ પૂર્ણ કર્યા છે. આરબીઆઈ એક સંસ્થા તરીકે આઝાદી પહેલા અને પછીની સાક્ષી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે,



જે આરબીઆઈ તેની વ્યાવસાયિકતા અને પ્રતિબદ્ધતાને કારણે સમગ્ર વિશ્વમાં ઓળખાય છે. આરબીઆઈની સ્થાપનાના ૯૦ વર્ષ પૂર્ણ થવા પર હું તમને બધાને અભિનંદન આપું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે તમે

### ભારતીય રિઝર્વ બેંકની ૯૦મી વર્ષગાંઠ પ્રસંગે મોદીએ ૯૦ રૂપિયાનો સિક્કો લોન્ચ કર્યો

જે નીતિઓ બનાવો છો અને તમે જે કામ કરો છો તે આરબીઆઈની આગામી દાયકાની દિશા નક્કી કરશે. આ દાયકો એ દાયકો છે જે આ સંસ્થાને તેના શતાબ્દી વર્ષમાં લઈ જશે અને આ દાયકો વિકસિત ભારતની સંકલ્પ યાત્રા માટે એટલો જ મહત્વપૂર્ણ છે. આગામી દાયકો આ સંસ્થાને તેના શતાબ્દી વર્ષમાં લઈ જશે. હું આરબીઆઈને તેના લક્ષ્યો અને સંકલ્પો માટે અભિનંદન આપું છું. પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૧૪માં જ્યારે હું રિઝર્વ બેંકના ૮૦ વર્ષના કાર્યક્રમમાં આવ્યો ત્યારે પરિસ્થિતિ સાવ અલગ હતી. ભારતનું સમગ્ર બેંકિંગ ક્ષેત્ર સમસ્યાઓ અને પડકારો સાથે સંઘર્ષ કરી રહ્યું હતું. આજે ભારતીય રિઝર્વ બેંકની ૯૦મી વર્ષગાંઠ છે, જે દેશની કેન્દ્રીય અને સૌથી મોટી બેંક છે જે ભારતની તમામ બેંકોને નિયંત્રિત કરે છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે ૯૦ રૂપિયાનો સિક્કો પણ બહાર પાડ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૯૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત એક કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે સરકારે નાણાકીય સ્થિતિ સુધારવા માટે ૩.૫ લાખ કરોડ રૂપિયાનું મૂડી રોકાણ કર્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈમરાનખાનની સજા માફ કરવા સાથે આકરો દંડ ફટકારાયો

**(એજન્સી)ઈસ્લામાબાદ,**
પાકિસ્તાનમાં ચર્ચાસ્પદ તોશાખાના કેસમાં ૧૪ વર્ષની સજા ભોગવી રહેલા પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાનખાનને આજે ઈસ્લામાબાદ હાઈકોર્ટે મોટી રાહત આપી છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે ઈમરાન ખાન અને તેની પત્ની બુશરા બીબીને આપવામાં આવેલી ૧૪ વર્ષની સજાને સ્થગિત કરી દીધી છે. કોર્ટના આદેશને કારણે ઈમરાન ખાન સજામાંથી તો બચી ગયો છે, પરંતુ તે અને તેની પત્ની બુશરા આગામી ૧૦ વર્ષ સુધી કોઈ જાહેર પદ પર રહી શકશે નહીં. ઈસ્લામાબાદ હાઈકોર્ટે આજે સોમવારે તોશાખાના કેસમાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને આપવામાં આવેલી ૧૪ વર્ષની સજાને સ્થગિત કરી દીધી છે. સામાન્ય ચૂંટણી પહેલા પાકિસ્તાનની નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો કોર્ટે બંનેને આ સજા સંભળાવી હતી. માત્ર એક દિવસ પછી, બંનેને લગ્ન સંબંધિત કેસમાં અલગથી સાત વર્ષની વધારાની કેદની સજા ફટકારવામાં આવી હતી.

### ભારતના વિદેશી મુદ્રા ભંડાર માં ૧૪૦ મિલિયન ડોલરનો વધારો થયો

**(એજન્સી)નવીદિલ્હી,**
વિદેશીઓ ભારતીય બજારને ખૂબ પસંદ કરી રહ્યા છે. સતત પાંચમા સપ્તાહે ભારતના ફોરેક્સ રિઝર્વમાં વિક્રમી વધારો થયો હતો અને હવે ભારતનું વિદેશી મુદ્રા ભંડાર સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયું છે. તાજેતરમાં ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં ૧૪૦ મિલિયન ડોલરનો વધારો થયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ માહિતી આપી હતી કે ૨૨ માર્ચ સુધીમાં, ભારતના વિદેશી વિનિમય ભંડારમાં ૧૪૦ મિલિયનનો વધારો થઈને ઈ૬૪૨.૬૩૧ બિલિયનની ઐતિહાસિક ટોચે પહોંચ્યો છે.આના એક સપ્તાહ પહેલા પણ વિદેશી મુદ્રા ભંડારમાં ૬.૩૯૬ અબજ ડોલરનો રેકોર્ડ વધારો થયો હતો જે ૬૪૨.૪૯૨ અબજ ડોલરે પહોંચી ગયો હતો.

### મુંબઈમાં ટ્રાઈ-સર્વિસ કોમન ડિફેન્સ સ્ટેશન બનાવાશે

**(એજન્સી)મુંબઈ,**
કેન્દ્ર સરકાર મુંબઈને દેશનું સૌથી શક્તિશાળી સૈન્ય મથક બનાવવાની યોજના બનાવી રહી હોવાના અહેવાલ સામે આવ્યા છે. યોજના હેઠળ મુંબઈમાં ટ્રાઈ-સર્વિસ કૉમન ડિફેન્સ સ્ટેશન એટલે કે લશ્કર, વાયુ સેના અને નૌસેનાનું કૉમન સ્ટેશન સ્ટેશન બનાવાશે. આ સ્ટેશન ઈન્ટીગ્રેટેડ થિયેટર કમાન્ડ પહેલા બનવાની સંભાવના છે. મીડિયા અહેવાલો મુજબ મુંબઈમાં ત્રણેય સેનાનું સંયુક્ત સ્ટેશન બનાવવા ટૂંક સમયમાં નિર્ણય લેવાશે. હાલ દેશમાં એક પણ કૉમન ડિફેન્સ સ્ટેશન નથી, માત્ર અંદમાન અને નિકોબારમાં જ ત્રણેય સેનાનું કમાન્ડ સેન્ટર છે અને તેને વર્ષ ૨૦૦૧માં બનાવાયું હતું. ત્રણે સેના માટે બનનારા નવા સ્ટેશનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસીત કરાશે.

## કોંગ્રેસને ઈન્કમટેક્સની નોટિસ મામલે સુપ્રીમ કોર્ટે 'રાહત' આપી

**(એજન્સી)નવીદિલ્હી,**
ઈક્મટેક્સ વિભાગની નોટિસ મામલે કોંગ્રેસને કેટલાક દિવસ માટે રાહત મળી છે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન ઈક્મટેક્સ ડિપાર્ટમેન્ટે વિશ્વાસ અપાવ્યો કે લોકસભા ચૂંટણીનો સમયચ ચાલી રહ્યો છે જેને કારણે અમે આ પૈસાની રિકવરીને લઈને કોઈ કાર્યવાહી નહીં કરીએ. કોંગ્રેસે આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જસ્ટિસ બી.વી.નાગરત્નાની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી.

તુષાર મહેતાએ સુનાવણી દરમિયાન કહ્યું, ×અમે ૧૭૦૦ કરોડની નોટિસ મોકલી છે પરંતુ લોકસભા ચૂંટણી આવી રહી છે. અમે અત્યારે કોઈ કાર્યવાહી નહીં કરીએ. ઈક્મટેક્સે કોર્ટને વિશ્વાસ અપાવ્યો કે અત્યારે ચૂંટણીનો સમય ચાલી રહ્યો છે, માટે અમે આ પૈસાની રિકવરીને લઈને કોઈ કાર્યવાહી નહીં કરીએ. આ ઘટનાની સુનાવણી જૂન મહિનામાં કરવામાં આવે ત્યાર સુધી કોઈ કાર્યવાહી નહીં થાય.આવકવેરા વિભાગે કોંગ્રેસને એસેસમેન્ટ વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૧૬-૧૭ માટે ૧૭૪૫ કરોડની નવી ટેક્સ નોટિસ ફટકારી છે. આ સાથે જ ઈક્મટેક્સ વિભાગે કોંગ્રેસ સમક્ષ ટેક્સ ડિમાન્ડની કરેલી માગ કુલ ૩૫૬૭ કરોડે પહોંચી ગઈ છે. આ પહેલાં કોંગ્રેસને ૧૮૨૩ કરોડની ચૂકવણી કરવાનું કહેવાયું હતું.

## સોનાના ભાવમાં રેકોર્ડબ્રેક તેજી, દસ ગ્રામનો ભાવ ૭૧,૦૦૦ ને પાર

**(એજન્સી)મુંબઈ,**
સૌથી મહત્વપૂર્ણ કિંમતી ધાતુઓમાં ગણવામાં આવતા સોનાના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જબરદસ્ત તેજી વચ્ચે સોનાએ નવા ઈતિહાસ સાથે નવા નાણાકીય વર્ષની શરૂઆત કરી છે. આજે, ૧ એપ્રિલના રોજ, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ જીવનકાળના નવા ઉચ્ચ સ્તરે પહોંચી ગયા છે. અમદાવાદમાં સોનાનો ભાવ ૭૧,૨૦૦ રૂપિયા બોલાયો છે.

આ ભાવ દસ ગ્રામ અને ૨૪ કેરેટનો છે. સોમવારે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ દિવસે, આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાની કિંમત ૨,૨૬૩.૫૩ ડોલર પ્રતિ ઔંસના રેકોર્ડ ઉચ્ચ સ્તરે પહોંચી હતી. આજે સોનાની શરૂઆત લગભગ ઈ૨,૨૩૩ પ્રતિ ઔંસથી થઈ હતી, પરંતુ થોડા જ સમયમાં ભાવ તેમના નવા રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં આવેલી આ જબરદસ્ત તેજીની અસર સ્થાનિક બજારમાં પણ જોવા મળી રહી છે. આજે ખુલતાની સાથે જ એમસીએક્સ પર સોનાની કિંમત વધી રહી હતી અને ટ્રેડિંગના ટૂંકા ગાળામાં જ તે નવા રેકોર્ડ સ્તરને સ્પર્શી ગયો હતો. ઈન્ટ્રાડેમાં, એમસીએક્સ પર એપ્રિલ ગોલ્ડ કોન્ટ્રાક્ટ રૂ. ૬૯,૪૮૭ પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે પહોંચ્યો હતો, જે અત્યાર સુધીના ઈતિહાસમાં સોનાનું સર્વોચ્ચ સ્તર છે. તે જ સમયે, જૂન કોન્ટ્રાક્ટની કિંમત વધીને ૬૮,૭૧૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગઈ છે. સોનાના ભાવમાં વર્તમાન વધારો આકસ્મિક નથી.

હકીકતમાં, સોનું પરંપરાગત રીતે રોકાણકારોનું પ્રિય સાધન રહ્યું છે. જ્યારે અનિશ્ચિતતા વધે છે ત્યારે સોનાની માંગ વધે છે. વિશ્વભરના રોકાણકારો પીળી ધાતુને સૌથી સુરક્ષિત રોકાણ માને છે.

## પશ્ચિમ બંગાળમાં વાવાઝોડાએ ૫ લોકોનો ભોગ લીધો

**(એજન્સી)નવી દિલ્હી,**
દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાય રાજ્યોમાં હાલ ઉનાળાનો તાપ આગ વરસાવી રહ્યો છે પરંતુ, પૂર્વ ભારતમાંથી કંઈક વિચિત્ર તસવીર સામે આવી છે.. જી હાં, પશ્ચિમ બંગાળ સહિત પૂર્વોત્તરના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની સાથે વાવાઝોડાએ હાહાકાર મચાવી દીધો છે. પશ્ચિમ બંગાળ, આસામ અને મણીપુર સહિતના રાજ્યોમાં ચક્રવાત અને વાવાઝોડાના કારણે લાખો-કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. એટલું જ નહીં પશ્ચિમ બંગાળમાં તો વાવાઝોડાએ ૫ લોકોનો ભોગ પણ લઈ લીધો છે. ભરઉનાળે કુદરતના રૌદ્ર સ્વરૂપના આ દ્રશ્યો જોઈ તમે પણ હચમચી જશો. પશ્ચિમ બંગાળ સહિત પૂર્વ ભારતના રાજ્યો પર આકાશી આફતનો આ પુરાવો છે. આકાશને ઘેરી વળેલાં કાળા ડિબાંગ વાદળોની વચ્ચે પવનની આ ભયાનકતાને જુઓ. પવનની ગતિ એટલી છેકે, જાણે આખે આખા શહેરને પોતાની સાથે ઉડાડીને લઈ જાય.. જલપાઈગુડી શહેરમાં જ્યારે ચક્રવાત હાવિ થઈ ગયું હતું ત્યારે પવનની આ ગતિ કોઈએ પોતાના કેમેરામાં કેદ કરી હતી. ભારે વરસાદ અને ચક્રવાતે પશ્ચિમ બંગાળમાં કહેર વર્તાવ્યો છે. જલપાઈગુડી અને મૈનાગુડીની પરિસ્થિતિ બદથી બદતર છે અને ખાસ કરીને જલપાઈગુડીથી તારાજીના દ્રશ્યો સૌથી વધુ આવી રહ્યા છે.

## નેશનલ હાઈવે-એક્સપ્રેસ વે પર ટોલ વધારો મોકૂફ

### ૩૧ માર્ચની રાતથી તમામ વાહનો પર ટોલ વધારવાનો હતો

**(એજન્સી)નવી દિલ્હી,**
નેશનલ હાઈવે અને એક્સપ્રેસ વે પર ટોલ પ્લાઝા પર ટોલ વધારો ૩૧ માર્ચની રાતથી બંધ કરી દેવામાં આવ્યો છે. ૩૧ માર્ચની રાતથી તમામ વાહનો પર ટોલ વધારવાનો હતો. તેનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું હતું. રવિવારે મોડી રાત્રે નેશનલ હાઈવે ઓથોરીટી ઈન્ડિયા એ દરેક જગ્યાએ મૌખિક માહિતી આપી હતી કે અત્યારે ટોલ વધારવો જોઈએ નહીં.

સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણીના કારણે આ માટે ચૂંટણી પંચ પાસેથી મંજૂરી લેવી પડશે. નેશનલ હાઈવે ઓથોરિટીએ તાત્કાલિક ટોલ વધારો અટકાવી દીધો છે. સોમવારે તમામ ટોલ પ્લાઝા પર જૂના દરો પર ટોલ લાદવામાં આવ્યો હતો. આનાથી વાહનચાલકોને રાહત મળી હતી અને તેઓએ વધારે ટોલ ચૂકવવો પડ્યો ન હતો. નેશનલ હાઈવે ઓથોરીટી ઈન્ડિયા સાથે સંકળાયેલા અધિકારીઓએ કહ્યું હતું કે ટોલના દરમાં પાંચ ટકાનો વધારો થવાનો છે. દરેક એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે માટે સૂચિત વધારો અલગ-અલગ હતો. ટોલ ટેક્સમાં કોઈ વધારો ન થવાને કારણે દિલ્હી-જયપુર, દિલ્હી-આગ્રા, દિલ્હી-અંબાલા, દિલ્હી-રોહતક, નેશનલ હાઈવે તેમજ દિલ્હી-મુંબઈ, દિલ્હી-મેરઠ અને ઈસ્ટર્ન પેરિફેરલ એક્સપ્રેસ વે પર દરરોજ મુસાફરી કરતા લાખો ડ્રાઈવરોને રાહત મળી છે. નેશનલ હાઈવે ઓથોરીટી ઈન્ડિયાએ કાર અને હળવા કોમર્શિયલ વાહનો સહિત તમામ શ્રેણીના વાહનો પર ટોલ ટેક્સ વધારવાનો પ્રસ્તાવ તૈયાર કર્યો હતો. આ સાથે માસિક પાસ પણ દર મહિને ૧૦ રૂપિયા મોંઘો થવાનો હતો. નેશનલ હાઈવે પર સ્થિત ટોલ પ્લાઝાથી ૨૦ કિમીની ત્રિજ્યામાં રહેતા લોકોને માસિક પાસ આપવામાં આવે છે. ટોલ ટેક્સમાં વધારો થવાથી નજીકના રાજ્યોમાંથી તેમના કામ માટે મુસાફરી કરતા લોકો પર બોજ વધશે. જો કે આ રાહત કેટલો સમય ચાલશે તે હજુ નક્કી નથી.

## જ્ઞાનવાપીમાં પૂજા અને નમાઝ પોતપોતાની જગ્યાએ હાલ ચાલુ રહેશે

**(એજન્સી)નવી દિલ્હી,**
સોમવારે (૧ એપ્રિલ), સુપ્રીમ કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના વ્યાસ ભોંયરામાં પૂજા વિરુદ્ધ મસ્જિદ સમિતિની અરજી પર સુનાવણી કરી. મસ્જિદ પક્ષના વકીલ હુઝેફા અહમદીએ જણાવ્યું હતું કે નીચલી અદાલતે આદેશને લાગુ કરવા માટે એક સપ્તાહનો સમય આપ્યો હતો, પરંતુ સરકારે તેનો તરત જ અમલ કર્યો હતો. અમને હાઈકોર્ટમાંથી પણ રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે આને તાત્કાલિક અટકાવવું જોઈએ.

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડે આ મામલે નોટિસ જારી કરી હતી અને અન્ય તારીખે સુનાવણીનો સંકેત આપ્યો હતો. જો કે, મસ્જિદ પક્ષના વકીલે તેમની દલીલો રજૂ કરી પૂજા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ કરી હતી. આ દરમિયાન ચીફ જસ્ટિસે કહ્યું કે ભોંયરામાં પ્રવેશ દક્ષિણ તરફથી છે અને મસ્જિદની એન્ટ્રી ઉત્તર તરફથી છે. બંને એકબીજાને અસર કરતા નથી.

અમે નિર્દેશ કરીએ છીએ કે હાલમાં બંને પૂજા પોતપોતાના સ્થાનો પર ચાલુ રહે. વ્યાસ પરિવારના વકીલ શ્યામ દિવાને ઔપચારિક નોટિસ જારી કરવાનો વિરોધ કર્યો હતો. વકીલે કહ્યું કે નીચલી અદાલતોમાં હજુ આ કેસનો સંપૂર્ણ ઉકેલ આવ્યો નથી. આ સમયે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર નથી. હકીકતમાં, અંજુમન મસ્જિદ વ્યવસ્થા સમિતિએ અલાહાબાદ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે, જેમાં મસ્જિદના દક્ષિણી ભોંયરામાં હિન્દુઓને પૂજા કરવાની મંજૂરી આપતા નીચલી કોર્ટના આદેશને યથાવત રાખવામાં આવ્યો હતો. આ સમિતિ વારાણસી સ્થિત જ્ઞાનવાપી મસ્જિદની બાબતોનું સંચાલન કરે છે.

## ગેસ સિલિન્ડરના ભાવમાં રૂા. 30.૫૦નો ઘટાડો

### માર્ચમાં સિલિન્ડરના ભાવમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો થયો હતા

**(એજન્સી)નવી દિલ્હી,**
ગેસ સિલિન્ડરના ભાવમાં રાહત મળી છે. ચૂંટણી પહેલા ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સતત ૩ મહિનાથી વધતા ભાવના ટ્રેન્ડ પર આજે બ્રેક લાગી છે. ૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૩૦.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો ઘટાડો કરવામાં આવ્યો છે. જોકે, આ ઘટાડો કોમર્શિયલ ગેસ સિલિન્ડર પર કરવામાં આવ્યો છે. આ પહેલા માર્ચમાં સિલિન્ડરના ભાવમાં ૨૫.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. તે જ સમયે, ફેબ્રુઆરીમાં ૧૪ રૂપિયા અને જાન્યુઆરીમાં ૧.૫૦ રૂપિયાનો વધારો થયો હતો. જોકે, ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સ્થાનિક એલપીજીના ભાવ યથાવત છે. આઈઓસીએલ અનુસાર, દિલ્હીમાં ૧૯ કિલો એલપીજી સિલિન્ડરની કિંમત આજથી ૧૭૬૪.૫૦ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે, પહેલા આ સિલિન્ડર ૧૭૯૫ રૂપિયામાં મળતું હતું. આ સિવાય કોલકાતામાં ગેસ સિલિન્ડરની કિંમત કપાત બાદ હવે ૧૮૭૯ રૂપિયા થઈ ગઈ છે. તે જ સમયે, પહેલા આ સિલિન્ડર ૧૯૧૧ રૂપિયામાં મળતું હતું. હવે આ સિલિન્ડરની કિંમત મુંબઈમાં ૧૭૧૭.૫૦ રૂપિયા થઈ ગઈ છે, પહેલા તેની કિંમત ૧૭૪૯ રૂપિયા હતી. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર હવે ચેન્નાઈમાં ૧૯૩૦.૦૦ રૂપિયામાં ઉપલબ્ધ થશે. ઓએમસીએ એવિએશન ફ્યુઅલના ભાવમાં પણ ઘટાડો કર્યો છે. ઉડ્ડયન ઈંધણના ભાવમાં આશરે રૂ. ૫૦૨.૯૧/કિલોની રાહત મળી છે. તે જ સમયે, ગયા મહિને ભાવમાં રૂ. ૬૨૪.૩૭ પ્રતિ કિલોગ્રામનો વધારો થયો હતો. હવાઈ ઈંધણના નવા ભાવ પણ આજથી લાગુ થઈ ગયા છે. દિલ્હીમાં એલપીજી સિલિન્ડરના દરમાં ૩૦.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોલકાતામાં ગેસ સિલિન્ડરના ભાવમાં ૩૨ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. મુંબઈમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ૩૧.૫૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.

સુખી લગ્ન-જીવન માટે



સ્ત્રી-પુરુષોના લગ્ન-જીવનને લગતા કોઈપણ જાતના ગુપ્તરોગ (સેક્સ સમસ્યાઓ) માટેનું ભારતભરમાં પોતાની ઢબનું એકમાત્ર ગવર્નમેન્ટ રજીસ્ટર્ડ સાયંટીફિક સેક્સ ક્લીનીક

સ્વરૂપ સેક્સ ક્યૉર
"નોબલ્સ" નહેરુબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ- ૩૮૦ ૦૦૯
www.swaroopsexcure.com
: ફોન : ૨૬૫૮ ૬૦૦૦ ૨૬૫૮ ૭૦૦૦ ૨૬૫૮ ૮૦૦૦ ૪૮૦૦ ૦૦૦૯
: સમય : સવારે ૧૧ થી ૨ સાંજે ૪.૩૦ થી ૭ રવિવારે રજા
૫૭ મું વર્ષ



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals

DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા) + ટક્સીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીન્સ + હેન્કી) + ઈન્ડો વેસ્ટર્ન સેટ

SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ) + કોટી - કૂર્તા સેટ + પેન્ટ - શર્ટ

3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch

બુકીંગ પર લકી ડ્રો માં એક્સ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.

પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.

PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614

NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall, Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7

BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7

વેસ્ટર્ન ટાઈમ્સ ગુજરાતી આવૃત્તિના
આગળના પાના વાંચવા માટે
નીચેની લીંક પર ક્લિકકરો

વેસ્ટર્ન ટાઇમ્સ
NEWS
Click here

To read the other pages of
Western Times English Edition
Click on the link below

Western Times
NEWS
Click here

www.westerntimesnews.in

For any type of inquiry
079-26402880